(3) રવિપાક

(42) ગુપ્તયુગ સંસ્કૃત સાહિત્યનો સુવર્ણયુગ શાથી કહેવાય ?

(43) સાંપ્રદાયિકતા દૂર કરવાના ઉપાયો જણાવો.

(44) જો ભારતમાં બેરોજગારી ઘટાડવી છે, તો 'શ્રમ શક્તિનું યોગ્ય આયોજન' શ્રેષ્ઠ પુરવાર થઈ શકે છે.- સમજાવો.

(45) ટકાઉ વિકાસની વ્યુહરચના સમજાવો.

(46) માનવ વિકાસ આંકની ગણતરી માટેના નિર્દેશકો સમજાવો.

## વિભાગ - D

☞ **નીચે આપેલા 47 થી 54 પ્રશ્નોમાંથી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ લખો અને પ્રશ્ન ૫૪ નકશો ફરજિયાત છે. (પ્રત્યેકના 4 ગુણ) (20)**

(47) પ્રાચીન ભારતે ગણિત શાસ્ત્રમાં સાધેલી પ્રગતિ વિશે નોંધ આપો.

(48) ભારતનો સૌથી ઉંચા પથ્થર નિર્મિત મિનારો વિશે વિગતવાર ચર્ચા કરો.

(49) ખેતીક્ષેત્રે થયેલ સંસ્થાગત સુધારાની ચર્ચા કરો.

(50) ભારતમાં બેરોજગારીનું પ્રમાણ વર્ણવો.

(51) રાજકોષીય પગલાં-ભાવ નિયંત્રણ તરીકે સમજાવો.

(52) વૃધ્ધોના રક્ષણ અને કલ્યાણ માટે સરકારે કઈ કઈ જોગવાઈઓ કરી છે ?

(53) ગરીબીનું માપન કઈ રીતે થાય છે, વિધાન સમજાવો.

(54) ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો.

(1) મગફળી ઉત્પન્ન કરતો પ્રદેશ

(2) પડખાઉ જમીન વિસ્તાર

(3) કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાન

(4) ભાખરા-નંગલ યોજના

# PAPER-5

## વિભાગ - A

☞ **નીચે આપેલ પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 1 ગુણ) (24)**

☞ **યોગ્ય જોડકાં જોડો.**

| વિભાગ - A | વિભાગ - B |
|---|---|
| (1) મુનસર તળાવ | (A) સહન |
| (2) ભારતીય સંગીતનો પ્રમાણભુત ગ્રંથ | (B) વિરમગામ |
| (3) મસ્જિદનું પ્રાંગણ | (C) સંગીત રત્નાકર |
| (4) ઓક્સિજન , નાઈટ્રોજન | (D) સંગીત પરિજાત |
| (5) ઉચ્ચતમ માનવવિકાસ આંક | (E) કુલ 49 દેશોનો સમાવેશ |
| | (F) સર્વ સુલભ સંસાધનો |

☞ **વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(6) ભારતની આબોહવા જ વિશ્વમાં તેની વિશિષ્ટ ઓળખ છે.

(7) દીપડાથી થોડું ઊંચું, ભરાવદાર ગોળ મોઢું અને ઊચ્ચ કાનથી હેણોતરાને ઓળખી શકાય છે.

(8) પ્રસારભારતી દેશનું સ્વાયત પ્રસારણ નિગમ છે.

(9) મહાવીર સ્વામીએ તક્ષશીલા વિદ્યાપીઠમાં ચૌદ ચાતુર્માસ કર્યા હતા.

(10) આપણા માંસાહારી લોકો માટે કઠોળ એ પ્રોટીનનો મુખ્ય સ્ત્રોત છે.

☞ **એક-બે શબ્દોમાં જવાબ આપો.**

(11) CASE નું પુરૂં નામ જણાવો.

(12) ટકાઉ વિકાસ એટલે શું ?

(13) ઈ.સ. 1991 ની ઔદ્યોગિક નિતી અન્વયે કયા કયા આર્થિક સુધારાઓ અમલમાં મુકવામાં આવ્યા છે?

(14) આપણા આયોજનની સૌથી નબળી કડી કઈ છે ?

☞ **ખાલી જગ્યા પૂરો.**

(15) હિન્દી ભાષાની મુખ્ય બોલીઓમાં ________ બોલીનો સમાવેશ થતો નથી. (ભોજપુરી, વ્રજ, અવધિ)

(16) આજે મેઘરજમાં પાણીના પોકાર વચ્ચે ________ ની 136 વિઘા જમીનમાં ઊનાળુ પાક લહેરાઈ રહ્યો છે. (બેડજ, ખેડા, નર્મદા)

(17) ________ પધ્ધતિને 'મુક્ત અર્થતંત્ર' તરીકે પણ ઓળખવામાં આવે છે. (સમાજવાદી, મિશ્ર અર્થતંત્ર, બજારવાદી)

(18) ________ એટલે બૌધ્ધ સાધુઓનું પ્રાર્થના કે ઉપાસના માટેનું સ્થળ. (વિહાર, નિવાસસ્થાન, ચૈત્ય)

(19) વ્યાપાર તુલાને હકારાત્મક બનાવવા સરકારે ________ પ્રોજેક્ટ શરૂ કર્યો છે.(સ્ટાર્ટઅપ ઈન્ડિયા, મેકઈન ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા)

☞ **નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી લખો.**

(20) સ્પષ્ટ વાવેતર ક્ષેત્રના લગભગ કેટલા ટકા ભાગમાં સિંચાઈ થાય છે.

(A) 35 (B) 37

(C) 38 (D) 42

(21) વિશ્વ ગ્રાહક અધિકાર દિન કરીકે કયા દિવસને ઉજવવામાં આવે છે.

(A) 24 ડિસેમ્બર (B) 15 મી માર્ચ

(C) 18 ફેબ્રુઆરી (D) 5 મી જુન

(22) નીચેનામાંથી કયા દેશનો માનવ વિકાસ આંક ભારત કરતાં વધુ છે ?

(A) ભુતાન (B) માલદીવ

(C) બાંગ્લાદેશ (D) મ્યાનમાર

(23) ભારતમાં સૌછી ઓછી વૃધ્ધોની સંખ્યા કયા રાજયમાં છે.

(A) કેરલામાં (B) ઉત્તર પ્રદેશમાં

(C) અરૂણાચલ પ્રદેશમાં (D) મેઘાલયમાં

(24) ગુજરાતમાં નીચેના પૈકી કયા સ્થળે રજ્જુ માર્ગ આવેલા નથી.

(A) પાવાગઢ (B) અંબાજી

(C) આહવા (D) સાપુતારા

## વિભાગ - B

☞ **નીચે આપેલા કુલ 13 પ્રશ્નોમાંથી કોઈપણ 9 પ્રશ્નોના જવાબ લખો. (પ્રત્યેકના 2 ગુણ) (18)**

(25) પ્રાકૃતિક વારસો એટલે શું ? આપણા પ્રાકૃતિક વારસામાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(26) ભારતીય વારસાના જતન અને સંરક્ષણ અંગે આપણી બંધારણીય ફરજો જણાવો.

(27) ભારતીય શાસ્ત્રીય નૃત્યના પ્રકારો અને તેના ઉદ્‌ભવસ્થાનો જણાવો.
(28) યુનેસ્કો દ્વારા ઈ.સ. 2004 માં વૈશ્વિક વારસાની યાદીમાં સમાવિષ્ટ કરેલ સ્થાપત્યનો પરિચય આપો.
(29) આપણા વારસાના સ્થળોનું પર્યટન માટે મહત્વ સમજાવો.
(30) કાંપની જમીન વિશે ટૂંક નોંધ લખો.
(31) રાષ્ટ્રીય ઉદ્યાન વિશે ટૂંક નોંધ લખો.
(32) "ભારતમાં ભૂમિગત જળસ્ત્રોતોનું સ્થાન અગત્યનું છે." શા માટે ?
(33) ચૂનાના (પથ્થરના) ઉપયોગો જણાવો.
(34) ભારતના રાસાયણિક ખાતરના ઉદ્યોગોની માહિતી આપો.
(35) ભારતનો શણ ઉદ્યોગ કઈ કઈ સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે ?
(36) કાળુ નાણું ભાવવધારાનું કારણ છે.
(37) ઈ-નામ યોજના વિશે માહિતી આપો.

## વિભાગ - C

☞ **નીચે આપેલા કુલ 9 પ્રશ્નોમાંથી કોઈપણ 6 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (પ્રત્યેકના 3 ગુણ)**

(38) પ્રાચીન ભારતનું નગર આયોજન સમજાવો.
(39) જૈવ આરક્ષિત ક્ષેત્ર એટલે શું ?
(40) નીચે આપેલા પારિભાષિક શબ્દો સમજાવો.
(1) સંસાધન
(2) સંરક્ષિત જંગલો
(3) મિશ્ર ખેતી
(41) પ્રાચીન ભારત સાહિત્ય તરીકે વેદોનો પરિચય આપો.
(42) ટૂંક નોંધ લખો : આતંકવાદ - એક વૈશ્વિક સમસ્યા
(43) બેરોજગારીની અસરો જણાવો.
(44) ત્રિસ્તરીય અર્ધન્યાયી અદાલતો વિશે ટૂંકનોંધ લખો.
(45) ખાનગીકરણના માર્ગો જણાવી તેના લાભ જણાવો.
(46) ભારતમાં મહિલાઓ સાથે કેવા પ્રકારના ભેદભાવો જોવા મળે છે ?

## વિભાગ - D

☞ **નીચે આપેલા 47 થી 54 પ્રશ્નોમાંથી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ લખો અને પ્રશ્ન 54 નકશો ફરજિયાત છે. (પ્રત્યેકના 4 ગુણ)(20)**

(47) ટૂંક નોંધ લખો : પ્રાચીન ભારતનું ખગોળશાસ્ત્ર
(48) ગુજરાતના લોકનૃત્યોનો પરિચય આપો.
(49) કૃષિ - પધ્ધતિઓ સવિસ્તાર જણાવો.
(50) બેરોજગારીના મુખ્ય સ્વરૂપો વિગતવાર સમજાવો.
(51) ઉપભોક્તાઓની મુખ્ય ફરજો જણાવો.
(52) ભારતના બંધારણમાં કયા બાળ અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
(53) ભારતમાં ગરીબી નિવારણ માટેના કાર્યક્રમમાં 'ગ્રામોદયથી ભારત ઉદય' યોજના વિશે માહિતી આપો.
(54) ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો.
(1) ખનિજતેલ શુધ્ધિકરણ સંકુલ
(2) અબરખ મેળવતો પ્રદેશ
(3) રાષ્ટ્રીય જળમાર્ગ નં- 4
(4) કપાસ ઉત્પન્ન કરતો પ્રદેશ

# PAPER-6

## વિભાગ - A

☞ **નીચે આપેલ પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 1 ગુણ) (24)**

☞ **યોગ્ય જોડકાં જોડો.**

| વિભાગ - A | વિભાગ - B |
|---|---|
| (1) પારસી અગિયારી | (A) મહાભારત પર આધારિત |
| (2) કર્ણભાર | (B) કચ્છ |
| (3) આશાપુરા માતાનો મઢ | (C) મહાકવિ કાલિદાસ |
| (4) કાળી જમીન | (D) નવસારી |
| (5) નિમ્ન માનવ વિકાસ | (E) કેન્યા |
| | (F) સમગ્ર મહારાષ્ટ્ર, સમગ્ર પશ્ચિમી મધ્યપ્રદેશ |

☞ **વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(6) એકતામાં વિવિધતા એ ભારતીય સંસ્કૃતિની આગવી વિશિષ્ટતા છે.
(7) ભારતમાં 18 જેટલા જૈવ આરક્ષિત ક્ષેત્રો આવેલ છે.
(8) રાષ્ટ્રીય જળમાર્ગ નં-2 પશ્ચિમ કિનારાની નહેર છે જે કોલમથી કટ્ટાપુરમ સુધીની છે.
(9) નાલંદા વિદ્યાપીઠમાં 64 વિદ્યાઓનું શિક્ષણ અપાતું હતું.
(10) સામાન્ય રીતે ઘાસચારાની કાપણી ઓક્ટોબર માસમાં કરવી જોઈએ.

☞ **એક-બે શબ્દોમાં જવાબ આપો.**

(11) ગુજરાતમાં ગરમ પાણીના ઝરા ક્યાં ક્યાં આવેલા છે ?
(12) ભારત સરકારે 'વાયુ પ્રદુષણ નિયંત્રણ ધારો' ક્યારે પસાર કર્યો ?
(13) કઈ ઔદ્યોગિક નીતિને લીધે ભારત કૃષિક્ષેત્રે વિકાસમાં પાછળ રહ્યું ?
(14) ભારતમાં એક અંદાજ મુજબ ઉચ્ચ શૈક્ષણિક લાયકાતવાળા કેટલા ટકા લોકો યુવાનો છે ?

☞ **ખાલી જગ્યા પૂરો.**

(15) નરસિંહ મહેતાએ ગુજરાતીમાં અને નામદેવ એકનાથે ________ માં ભક્તિગીતો રચ્યા. (હિન્દી, મરાઠી, ફારસી)
(16) નદી બેસિન એક એવું ક્ષેત્ર છે, જેનું પાણી અને તેની શાખાઓ દ્વારા વહીને એક ________ બનાવે છે. (સિંચાઈ ક્ષેત્ર, સઘન ક્ષેત્ર, સ્ત્રાવ ક્ષેત્ર)
(17) ________ માં મિશ્ર અર્થતંત્ર જોવા મળતું નથી. (ભારત, જાપાન, ફ્રાંસ)
(18) સિદ્ધરાજ જયસિંહે ________ માં પાટણમાં સહસ્ત્રલીંગ તળાવ બનાવ્યું. (ઈ.સ. 1240, ઈ.સ.1140, ઈ.સ.1340)
(19) ભારતની સડક પ્રણાલી વિશ્વની ________ નંબરની સડક પ્રણાલી છે. (ચોથા, બીજા, ત્રીજા)